શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૯
અંક : ૩

## સમય

એક માણસ ૭૨ વર્ષ જીવે તો કયાં કયાં કામમાં તેનો કેટલો સમય જાય છે. હજામત કરવી, વાળ ઓળવા, નાહવું–ધોવું અને કપડા પહેરવા વિગેરે પાછળ રોજની ૪૦ મિનિટ ગણીએ તો ૭૨ વર્ષમાં જીંદગીના ૨ વર્ષ સહેજે વિતી જાય છે. સરેરાશ રોજની ૮૦ મિનિટ માંદગીના ગણીએ તો ૪ વર્ષ, મુસાફરીમાં ૬ વર્ષ, ખાવા–પિવામાં સાડા ૬ વર્ષ, આનંદ પ્રમોદ, મોજશોખ, સિનેમા નાટકમાં ૧૦ વર્ષ,

FORM IV

Statement about ownership and other particulars about newspaper TAPAK to be published in the first issue every year after the last day of February

1. Place of publication : 26-Omnagar(3), Hanumanpara road, Amreli.
2. Periodicity of its publication : Monthly
3. Printer's Name : Hardik Dhirajlal Vagadia,
   Nationality : Indian,
   Address : 26-Omnagar(3), Hanumanpara road, Amreli-365601
4. Publisher's Name : Hardik Dhirajlal Vagadia,
   Nationality : Indian,
   Address : 26-Omnagar(3), Hanumanpara road, Amreli-365601
5. Editor's Name : Hardik Dhirajlal Vagadia,
   Nationality : Indian,
   Address : 26-Omnagar(3), Hanumanpara road, Amreli-365601
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital. ShikshanAneSamajKalyan Kendra, 26-Omnagar(3), Hanumanpara road, Amreli

I, Hardik Dhirajlal Vagadia, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Sd/- Hardik Dhirajlal Vagadia
Date: 1st March 2017
President, Shikshan Ane Samaj Kalyan Kendra
Signature of Publisher

**ઓછુ બોલો અને યોગ્ય બોલો.**

નોકરી ધંધામાં ૨૦ વર્ષ અને ઉંઘવામાં જીંદગીના ૨૩ વર્ષ જાય છે.

વર્ષને અંતે વેપારીઓ સરવૈયા કાઢે છે. સરવૈયું જોયા પછી કયો વેપાર લાભમાં થયો અને કયો ખોટમાં ચાલ્યો. એ જાણી વેપારી વેપારની ચાલ બદલે છે. વેપારીની જેમ આપણે પણ કદી સમયનું સરવૈયું કાઢયું છે ? આપણા જીવનના અણમોલ કલાકો હેતુહીન કાર્યમાં, ગપાટાઓમાં, ઉંઘમાં અને આળસમાં વેડફાઈ જાય છે એનો ખ્યાલ કર્યો છે ? દોસ્તો, ચાલો સમયનો હિસાબ કરીએ અને સરવૈયુ કાઢીએ.

૧. રોજનીશી નિયમિત લખીએ.
૨. આપણી તાકાત / ક્ષમતાઓને સમયાંતરે ચકાસતા રહીએ.
૩. જે કુશળતા સમય પ્રમાણે જરૂરી છે તે કુશળતાઓ પ્રાપ્ત કરતા રહીએ.
૪. આપણી નબળાઈઓને જાણી તેના પર દેખરેખ રાખી, નબળાઈઓ જે દેખાઈ આવે તે દુર કરવા પ્રયાસ કરતા રહીએ.
૫. આપણી તાકાત / ક્ષમતાઓના આધારે સામે આવેલી તકોને ઝડપી લઈએ.
૬. સંભવીત ડરના કારણે આપણે નિર્ણયો કરવામાં વિલંબ કરીએ છીએ જેથી આપણામાંથી ડરને દુર કરવો જરૂરી છે.

## પ્રતિભાવો

ટપક ખુબ સરસ છે વાંચવાની બહુ મજા આવે છે. **– *પ્રિયંકા મકવાણા***

ટપકથી સંસ્થામા ચાલતી કામગીરીથી વાકેફ થયા ટપક ટીમને ખુબ સરસ અભિનંદન પાઠવું છું. **– *નીખીલ પટોળીયા***

ટપક ખુબ રસપ્રદ છે. **– *જલ્પા વાઘેલા***

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલી શકશો તેમજ સંસ્થાને તેના કાર્યોમાં આપ ઓનલાઈન ડીઝીટલ પધ્ધતિનો ઉપયોગ પણ કરીને આર્થિક સહયોગ આપવા નીચેની લીકને ઉપયોગમાં લેવા વિનંતી છે.

**https://letzchange.org/nonprofits/shikshan-ane-samaj-kalyan-kendra/what-we-do**

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– *એસએસકેકે ટપક ટીમ***

***પસ્તાવું ન હોયતો કોઈ પણ કામ કરતાં પહેલા એ અંગે દશવાર વિચારો.***

## ટકાઉ ખેતી

ખેડુત મિત્રો, ગયા અંકમા ખેડુતોની કંપની વિષે વાતો કરી હતી. આ અંકમા કપાસની ખેતીને લગતી વાતો કરીએ. ખેડુત મિત્રો આ વર્ષમાં છેલ્લા ફેઈઝમાં ગુલાબી ઈયળ આવી છે. એ એવું સુચન કરે છે. કે આવતા વર્ષે સાવચેત રહેવું પડશે. તો તેના કેટલાક સરળ ઉપાયો છે જે સમજી લેવા જોઈએ. જેમકે ઝડપથી કપાસની સાઠી ખેતરમાંથી દુર કરવી પડશે. હજી પણ ઘણા ખેતરમાં સાઠી દેખાય રહી છે. જે આવતા વર્ષે ખતરનાક સાબિત થઈ શકે. આ સાઠીના શેઢા પર ઢગલા કરવા નહિ પણ તેનું ખાતર કરવું તેમજ કચરો પડયો હોય તેની સફાઈ કરવી. શેઢા પર બરાબર સફાઈ કરવી જોઈએ. જો સાવચેત રહીશું તો આવતા વરસે ગુલાબી ઈયળથી બચી શકાશે.

દોસ્તો, હાલ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ગીર ગઢડા, ઉના અને ખાંભા તાલુકામાં જમીન ચકાસણી અભિયાન ચાલી રહયું છે. આ અભિયાનમાં સાવ મામુલી ખર્ચમાં જમીનની ચકાસણી કરવામાં આવી રહી છે. સાથે જમીનનો નમુનો કેવી રીતે લેવો તેની સરળ રીત કાર્યકરો દ્વારા સમજાવામાં આવે છે. સાથે એક મહિનામાં ગુજરાતીમાં તમારા ઘર બેઠા રીપોર્ટ મળી જશે માટે આ તક ગુમાવશો નહિ.

મિત્રો, ખેડૂતને ઉપયોગી થાય એટલા માટે જમીનનો નમુનો કેવી રીતે લેવો તે બાબતને સમજીએ. જમીનનો નમુનો લેવા માટે ધારદાર કોદાળીનો ઉપયોગ કરવો ખેતરમાં પિયત આપેલ હોવું ના જોઈએ. શેઢાથી ૨૦ ફૂટ દુર નમૂનો લેવો. દર વર્ષે ખાતરના ઢગલા કરતા હોય ત્યાંથી, નીક પાળા બનાવ્યા હોય તે જગ્યા તેમજ ખેતરમાં મોટા ઝાડ હોય તો તેની નીચેથી નમુનો લેવો નહી. ખેતર ઉપરથી થોડી માટી હટાવી અને કોદાળીથી ઘા મારીને પાણા પરની માટી નમુના માટે લેવી. પાંચ વીઘા જમીન હોય તો ૧૦ જગ્યા પરથી નમુનો લેવો જે માટીને બરાબર મિક્ષ કરીને ૫૦૦ ગ્રામ માટી નમુના માટે લેવી જે પ્લાસ્ટીકની બેગમાં પેક કરવી જેમાં ખેડૂતનું પુરૂ નામ અથવા સર્વે નંબર, મોબાઈલ નંબર, આ વર્ષમાં લીધેલ પાક, આવતા વર્ષે લેવાનાર પાકની વિગતોની જાણકારીની સ્લીપ લખીને નમુના સાથે જોડવી. જમીનનું આરોગ્ય જાણી અને તેના ઉપાયો કરવામાં આવે તો ખર્ચ ઘટે અને ઉત્પાદન વધે જેથી અભિયાનમાં બધાજ ખેડૂતો જોડાય તે જરૂરી છે.

બિયારણની પસંદગી કરવા માટેનો આ ઉત્તમ સમય છે. જે બિયારણમાં સારૂ ઉત્પાદન અને ઓછો ખર્ચ થયો છે તેની ચર્ચા ગામ લેવલ પર થવી જોઈએ અને તેમાંથી સારા બિયારણની પસંદગી કરી શકાય. આશા રાખું છું કે આવતા વરસે સારા બિયારણનું વાવેતર તમામ ખેડૂતો કરશે.

*– ડી.એન.ઝાલા, ૯૮૨૫૪૨૨૨૪૪*

**કોઈની સફળતાની ઈર્ષા કરતા પહેલા એનો સંઘર્ષ ચોક્કસ જોઈ લેવો.**

## ખેડૂત તાલીમ અને પ્રેરણા પ્રવાસ

પ્રોડયુસર કંપનીમાં નવા જોડાયેલા ખેડૂતોમાં સંસ્થાકીય વિકાસની સમજ કેળવવા આ માસમાં તાલીમો યોજી. સંગઠનનો ખ્યાલ, હેતુઓ, કાર્યો, સેવાઓ, મૂલ્યો, સિધ્ધાંતો તથા સભ્યોની જવાબદારીઓ સમજવા પ્રયાસ થયો. ખેડૂતો માટે જરૂરીયાત, ઉત્પાદક સંઘ સાથે જોડાયેલ દરેક નાના સમૂહ પર સામૂહિક આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન અને આર્થિક પ્રવૃત્તિઓ તેમજ અંતરાલોની સમજ બનાવવા જુથ ચર્ચાઓ યોજાઈ હતી. ખેડૂતોને પડતી મોટા ભાગની મુશ્કેલીઓનુ નિવારણ ખેડૂત જાતે કરી શકે છે પરંતુ કુદરતી આફતો તેમજ બજારભાવો બાબતે પડતી મુશ્કેલીઓમાં નિરાકણ અઘરા બને છે તેવી બાબતો જુથ ચર્ચામાં નીકળી આવી.

આ તાલીમોમાં જોડાયેલા તમામ ખેડૂતોએ અગીયાર વર્ષથી કાર્યરત અવિરત કંપની સાથે સભ્યપદ, બોર્ડ, કાર્ય અને ધંધાકીય અનુભવનુ આદાન પ્રદાન કર્યુ હતુ.

ઉપરોકત તાલીમોમાં નાબાર્ડના ડીડીએમ શ્રી નિલેષભાઈ શાહએ નાબાર્ડ વિશે ખેડૂતમિત્રોને જાણકારી પુરી પાડી. અમૂક ખેડૂત મિત્રોએ પણ સજીવ ખેતી કે ગાય આધારીત ખેતી વિશે માહિતી આપી. તાલીમાર્થીઓના પ્રતિભાવો પરથી જાણવા મળ્યું કે જો સંગઠન હોય તો ઉત્પાદનના ભાવો સારા મળી રહે તેથી વિકાસ સારો જોવા મળે છે. ખેડૂત સભ્યોની આ તાલીમ પરથી એવું જાણવા મળ્યું કે વર્ષમાં બે–ત્રણ વાર તાલીમનું આયોજન કરવામાં આવે તો સંગઠન વિશે જાગૃતતા આવે.

આ તાલીમોમાં ટીમના સભ્યોએ પણ રીસોર્સ પર્સન તરીકે સેવાઓ આપી હતી.




**બીજા કરતા ઓછી આશા રાખો.**

# વિશ્વ મહિલા દિવસની ઉજવણી

મહિલાઓને માન સમ્માન મળી રહે તે માટે તા. ૮/૦૩/ ૨૦૧૭ ના રોજ એસએસકેકે અમરેલી દ્વારા ફિલ્ડ એરિયામાં ભાડા ગામ અને ઈંટવાયા ગામે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી.
ઈંટવાયા ગામે મહિલા મીટીંગ કરી મહિલાઓને સ્ત્રી અને પુરૂષની સમાનતા – ભેદભાવ વિશે, સ્ત્રીઓની જવાબદારીઓ વિષે સમજ આપવામાં આવી.
ભાડા ગામમાં શાળાના બાળકો, ગામના અગેવાનો તથા સંસ્થાના કાર્યકરોએ રેલી કાઢી બેટી બચાવો, બેટી ભણાવો, નર અને નારી એક સમાન, ભણેલી દિકરી પેઢીને તારે, દીકરી એટલે તુલસીનો કયારો, દીકરી એટલે ઘરનો દીવો, લેકે રહેગે આઝાદી, હમ ભારત કી નારી હે જેવા સુત્રોચ્ચાર સાથે આજના દિવસનો સંદેશ લોકોમાં પહોંચાડયો હતો. સ્ત્રી પુરુષ સમાનતાના પોસ્ટર્સ આ રેલીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રેલી બાદ બાળકો અને ગામ લોકો સાથે સંવાદ રચ્યો હતો. જેમાં મહિલા એ એક એવી નારી છે જે ત્રણ કુળને તારી શકે છે, મહિલાઓ પર થતાં અત્યાચાર નાબુદ કરી શકાય, દરેક ક્ષેત્રમાં મહિલાઓ હરણફાળ ભરી રહી છે ત્યારે મહિલાઓ પુરૂષ સમોવડી બને તેવી બાબતોનો સમાવેશ કરવામા આવ્યો હતો.
ગામના લોકો તથા બાળકોએ જે પ્રતિભાવો આપ્યા તેમાં મુખ્યત્વે હજી ગામડાઓમાં મહિલાઓ સાથે અસમાનતા જોવા મળે છે. જેવી કે લાજ કાઢવી, પતિ જમે પછી જ પત્નીએ જમવું, પુરૂષ પલંગ પર બેસે અને સ્ત્રી જમીન પર બેસે, શાળામાં અભ્યાસના સમય ગાળા દરમિયાન છોકરો અને છોકરી સાથે રમે છે, પણ જયારે શાળાનો અભ્યાસ પુરો થાય તરત જ લિંગ ભેદ જોવા મળે છે. હજી પણ ઘણા પ્રકારની રૂઢી ચુસ્તતા અને અસમાનતા જોવા મળે છે. પણ જો દરેક ગામડાઓમાં અને શાળા ઓમાં આવી સમજ અને કાર્યક્રમ થતા રહે તો જાગૃતતા લાવી શકાય.





**બંધન વગરનો સંબધ એટલે મિત્રતા.**

## સંકલન બેઠક

સંકલનના મુદાને લઈ ૧૧ ફેબ્રુઆરી ૧૭ ના રોજ યોજાયેલ મીટીંગમાં થયેલ નિર્ણય અનુસાર એક સંકલન સમિતીની રચના થઈ જેમાં નકકી થયા મુજબ સંકલન સમિતીની બેઠકો ક્રમશઃ ધોકડવા, શેલણા તથા અમરેલી મળી હતી. આજની બેઠકમાં અગાઉની બે બેઠકોની કાર્યવાહી નોંધ પર ચર્ચા થઈ જેમાં સોંપાયેલ કામગીરીમાં હકારાત્મકતા વધી, ટીમના સભ્યોની સક્રીયતા જોવા મળી. આગામી વર્ષના શિક્ષણ અને કૃષિ પ્રોજેકટ બાબતે ચર્ચા થઈ જેમાં અવિરત તથા ગીર ફાર્મર્સને સહયોગ મળી રહે તે માટે ખાંભા–ધારીમાં ૩૫૦૦ ખેડૂતો સાથે તેમજ અમરેલી–બાબરામાં ચાલતા શિક્ષણના કાર્યને સહયોગ મળી રહે તે હેતુથી ૩૫૦૦ ખેડૂતો સાથે કામગીરી શરુ કરવા ખેડૂતોની યાદી બનાવવી. સંસ્થાકીય સંકલનની જવાબદારી તરૂણાને સોંપી, એગ્રીકલ્ચર કોમ્યુનીકેશન સેન્ટર, ખેત ઉત્પાદક સંઘો તથા બંને પ્રોડયુસર યુનિટના જોડાણ અંગેની સમજ બનાવવા બાબતે ચર્ચા કરવામાં આવી. માસિક રીપોર્ટ દૈનિક અપડેટ થાય તે જોવાની જવાબદારી પ્રોજેકટ આઈએનજીજે૧૪માં જયેશ જાદવ અને પ્રોજેકટ આઈએનજીજે૨૭માં કૌશિક પંડયાએ સંભાળી. સ્ટાફ મિત્રો પાસેથી તે રોજે રોજ કામગીરીની વિગતો મેળવી લેશે તેમ નકકી કરવામાં આવ્યું. જાફરાબાદ કંપની ૧લી એપ્રિલથી તેનું ટ્રેડીંગ સેન્ટર ટીબી શરૂ કરશે તેમ સીઈઓએ જણાવ્યું. સંકલન સમિતિની બેઠક હવે દર ૧૫ દિવસે મળશે, આગામી બેઠક તા. ૨૪ થી ૨૬ માર્ચ દરમ્યાન નવસારી અને અમલસાડ તાલીમ કમ પ્રેરણા પ્રવાસ દરમ્યાન યોજાશે તેવુ નકકી કરવામાં આવ્યું હતુ.



**પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.**

## ઘરની રોનક

ઘર એ કેવો સરળ શબ્દ છે નહી કાનો નહી માત્રા. એટલેજ કહેવાય છે ઘર એક મંદિર છે. ઘર એ જેટલો સરળ શબ્દ છે એટલો જ અર્થસભર પણ છે. ઘર લાગણી અને ઉદારતા સાથે સંકળાયેલ હોય છે. ઘરનું મુલ્ય આ કહેવત બતાવે છે "ઘરતીનો છેડો કયાં ?" તો કહેવાય કે ઘર. સંતોષ, પ્રેમ અને આનંદનું ધામ એનું નામ ઘર. પછી તે બંગલો હોય કે ઝૂંપડી હોય કે મહેલ હોય પણ આપણને આપણું ઘર સોના જેવું લાગે. પણ જો દોસ્તો પ્રેમ, વિશ્વાસ અને સહાનુભુતિ ના હોય તો એ રહેઠાણ છે ઘર નથી.

ધરતી પરના તમામ સજીવોને પોતાના જીવને સાચવવાની આશા હોય છે. તેથી દરેક જીવજંતુ, પ્રાણીઓ અને મનુષ્યોને આશરાની જરૂર પડે છે દરેક પોતાની જરૂરિયાત મુજબ સ્થાન બનાવી લે છે દરેક સજીવો પોતાના પરિવારોના રક્ષણકાર હોય છે. કોઈ સજીવ કોઈનું ખરાબ ના કરે આવો ધ્યેય હોય છે. પ્રાણીઓએ અને મનુષ્યોએ પોતાને અનુકુળ રહેઠાણ માટે મકાન બનાવ્યા. સાપ ઉંદર અને છંછુદરએ દર બનાવ્યા અને પક્ષીઓએ પોતાના વિશ્રામ માટે માળો બાંધ્યો.

આમ, દરેક સજીવો પોતાના રહેઠાણ બાંધતા હોય છે. આ રહેઠાણને જ આપણે "ઘર" એવું નામ આપ્યુ છે. પરંતુ રહેઠાણ અને ઘર વચ્ચે જે તફાવત છે તે એ કે કોઈ પણ સજીવ ગમે ત્યાં જાય પણ રહેઠાણે આવે અને જો શાંતિનો માહોલ અનુભવે તો સમજવું કે તે ઘર છે.

ટાઢ, પવન, તાપ, વરસાદ જેવી કુદરતી ઘટમાળથી બચવા દરેક સજીવો પોતાના રહેઠાણ બાંધે છે. આવી બધી તકેદારી રાખવા છતાં એ રહેઠાણ ઘર કયારે બને ? જયારે એમાં રહેનારા સૌ સભ્યો સ્નેહ સાકળથી બંધાયેલા હોય.

આપણા વિચારોમાં સામ્યતા હોય છે અને આપણા સ્વભાવમાં ક્ષમા અને સંતોષ ગુંથાઈ ગયા હોય. જયાં પતિ–પત્ની, દીકરા–દિકરી, ભાઈ–બહેન, માતા–પિતા, દાદા–દાદી બધા પ્રેમ અને સન્માન પુર્વક રહી શકતા હોય. ઘર એક પરિવાર સાથે સમય વીતાવવા માટે યોગ્ય હોય છે. પરિવારોની ખુશી, પ્રેમ, માન સન્માન આદરપૂર્વક અતિથિને ભાવ આપતા હોય અને જયાં આનંદ અને કિલ્લોલ ગુંજતો હોય એ રહેઠાણજ સાચુ ઘર છે. તેથી જ ઘરને એક મંદિર સમાન ગણવામાં આવે છે.

**– સ્નેહા મારૂ**

### રમુજ એક થેરાપી

**બાબુ :** મારા કાકાની પાસે સાયકલથી માંડીને હવાઈ જહાજ સુધી બધું જ છે.

**કનું :** તારા કાકા શેનો વેપાર કરે છે ?

**બાબુ :** તેમને રમકડાની દુકાન છે.

**સ્વાર્થી વ્યકિત નમસ્તે કરે તો સાવચેત થઈ જવું.**

**Happy birthday**

| | |
|---|---|
| Valkubhai Gohil | 12.04.1975 |
| Shrdhdha Adodariya | 14.04.1996 |
| Hiral Gosai | 18.04.1994 |
| Kaushik Pandya | 27.04.1977 |

**In this month**

| | |
|---|---|
| 3 | State credit seminar, performance Award to Sorth APCL. |
| 4 | Officer's Interface on doubling the Farming Income at Talala. |
| 7 | Crop Insurance workshop at SS. |
| 8 | Awareness activities on women day at Bhada and intvaya |
| 7-9 | Training on applying project management skills to enhance impact of project at IRMA. |
| 8-10 | Workshop For LRC Facilitators. |
| 11, 3 | Co-Ordination Committee Meeting Amreli & Dhokadva. |
| 20 | Workshop on fundraising leadership growth by Guidestar. |
| 20-23 | LAMP review planning meeting. |
| 21-23 | India implementing partners workshop at JAU. |
| 22 | Training on accounting & ROC compliance for FPO. |
| 22 | Awareness of wastewater at Hemal and Men. |
| 24-26 | Exposure Visit at Navasari, Amalsad. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**કામ, ક્રોધ અને લોભ આ ત્રણેય આત્માનું પતન કરનાર નરકના દ્વાર છે.**